# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 20-04-2025** **EVENING: 7.50 TO 8.00**
**Day : SUNDAY** **National News**

### આકાશવાણી સમાચાર સંસ્કૃતિ ભૂંડિયા વાંચે છે.

*****************************************************

1) જમ્મુ-કાશ્મીરમાં રામબન જિલ્લાના સેરી બાગમાં વાદળ ફાટવા અને ભૂસ્ખલન બાદ યુદ્ધનાં ધોરણે રાહત અને બચાવ કામગીરી

2) પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી 22 એપ્રિલે સાઉદી અરેબિયાની બે દિવસીય મુલાકાતે જેદ્દાહ જશે.

3) કેન્દ્રીય જળશક્તિ મંત્રી સી આર પાટીલે નવસારી મહાનગરપાલિકાના 32 કરોડથી વધુ વિકાસકાર્યોનું ખાતમુહૂર્ત અને લોકાર્પણ કર્યું.

4) ભારતનું વિદેશી વિનિમય બજાર છેલ્લા ચાર વર્ષમાં બમણું થયું છે, જે 32 બિલિયનથી વધીને 60 બિલિયન ડોલર થયું

5) આજે સમગ્ર વિશ્વમાં ઇસ્ટરનાં તહેવારની ઉજવણી

6) આઈપીએલ ક્રિકેટમાં રોયલ ચેલેન્જર બેંગલોરનો પંજાબ કિંગ્સ સામે સાત વિકેટે વિજય થયો.

.................................................................

(હવે પછી આપ આવતીકાલે સવારે સાત વાગીને 10 મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

# J-K-LANDSLIDES

જમ્મુ- કાશ્મીરમાં જમ્મુ ક્ષેત્રના રામબન જિલ્લાના સેરી બાગના વિસ્તારમાં ગઈકાલ રાતથી રાહત અને બચાવ કામગીરી ચાલી રહી છે. ભૂસ્ખલનને કારણે રસ્તાઓ બંધ થઈ ગયા હતા. આ દુર્ઘટનામાં બે બાળકો સહિત એક વૃદ્ધ સાથે ત્રણ લોકોના મોત થયા છે. ૧૦૦ થી વધુ લોકોને બચાવી લેવામાં આવ્યા હતા. અધિકારીઓએ જણાવ્યું હતું કે અચાનક આવેલા પૂરને કારણે રામબનમાં ઘણી ઇમારતો ધરાશાયી થઈ ગઈ હતી અને શ્રીનગર-જમ્મુ રાષ્ટ્રીય ધોરીમાર્ગ પર કેટલાક વાહનોને પણ નુકસાન થયું હતું.

ઉપરાજ્યપાલ મનોજ સિંહા અને મુખ્યમંત્રી ઓમર અબ્દુલ્લાએ આજે સવારે રામબન જિલ્લામાં અવિરત વરસાદને કારણે આવેલા પૂરમાં થયેલા મૃત્યુ પર શોક વ્યક્ત કર્યો છે. મુખ્યમંત્રીએ કહ્યું કે હાલમાં પરિસ્થિતિને સંભાળવા પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવી રહ્યું છે. તેમણે કહ્યું કે નાગરિકોને અસરગ્રસ્ત વિસ્તારોમાં બિનજરૂરી હિલચાલ ટાળવાની સલાહ આપવામાં આવી છે.

દરમિયાન, ઐતિહાસિક વૈકલ્પિક રાષ્ટ્રીય ધોરીમાર્ગ, મુઘલ રોડ, વાહનોની અવરજવર માટે ફરીથી ખોલવામાં આવ્યો છે. આ માર્ગ જમ્મુ વિભાગના રાજૌરી અને પૂંચ જિલ્લાઓને કાશ્મીર ખીણના શોપિયા જિલ્લા સાથે જોડે છે. આકાશવાણી જમ્મુના સંવાદદાતાએ અહેવાલ આપ્યો છે કે તાજેતરમાં થયેલી હિમવર્ષાને કારણે એક દિવસ બંધ રહ્યા બાદ, આ ધોરીમાર્ગ ફક્ત પૂંચથી શોપિયાન જતા હળવા મોટર વાહનો માટે ખુલ્લો મૂકવામાં આવ્યો છે. જોકે, હવામાન અને ખરાબ રસ્તાની સ્થિતિને કારણે, જમ્મુ શ્રીનગર રાષ્ટ્રીય ધોરીમાર્ગ - NH-44, શ્રીનગર-સોનમાર્ગ-ગુમરી-SSG રોડ અને સિન્થન રોડ બંધ છે.

. . . . . . . . . . . . .

# LAH – SNOW - ALERT

શનિવારથી લદ્દાખમાં ભારે હિમવર્ષા અને કરા પડવાના કારણે લેહ હિલ કાઉન્સિલે તમામ કટોકટી સેવાઓ માટે હાઇ એલર્ટ જાહેર કર્યું છે.

મુખ્ય કાર્યકારી કાઉન્સિલર તાશી ગ્યાલસને નાયબ કમિશનર, એસએસપી, એસડીએમ અને તાલુકા વિકાસ અધિકારી સહિત મુખ્ય અધિકારીઓને સતર્ક રહેવા અને કોઈપણ મુશ્કેલીના કોલનો તાત્કાલિક જવાબ આપવા નિર્દેશ આપ્યો છે. આપદા પ્રબંધન ટીમોને પણ એલર્ટ પર રાખવામાં આવી છે.

લેહમાં વીજળીનો પુરવઠો આઠ કલાક સુધી ખોરવાઈ ગયો હતો. જોકે હવે પુરવઠો પુનઃસ્થાપિત કરવામાં આવ્યો છે.

દરમિયાન, ભૂસ્ખલનને કારણે લેહ-શ્રીનગર હાઇવે અને અન્ય મુખ્ય રસ્તાઓ બંધ છે અને આજે લેહ જતી બધી વિમાની સેવાઓ રદ કરવામાં આવી છે.

. . . . . . . . . . . . . . . .

# PM-SAUDI-VISIT

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી 22 એપ્રિલે સાઉદી અરેબિયાની બે દિવસીય મુલાકાતે જેદ્દાહ જશે. છેલ્લા ચાર દાયકામાં કોઈ ભારતીય પ્રધાનમંત્રીની જેદ્દાહની આ પહેલી મુલાકાત હશે.

સાઉદી અરેબિયામાં ભારતીય રાજદૂત સુહેલ એજાઝ ખાને પ્રધાનમંત્રીની મુલાકાતના મહત્વ પર પ્રકાશ પાડતા કહ્યું કે પ્રધાનમંત્રી પહેલા બે વાર સાઉદી અરેબિયાની મુલાકાત લઈ ચૂક્યા છે પરંતુ આ તેમની જેદ્દાહની પહેલી મુલાકાત છે. તેમણે કહ્યું કે સાઉદી અરેબિયા સાથે ભારતના વ્યૂહાત્મક સંબંધોને મજબૂત બનાવવાના પ્રયાસોમાં આ મુલાકાત ખૂબ જ મહત્વપૂર્ણ છે.

શ્રી ખાને જણાવ્યું હતું કે જેદ્દાહ મુલાકાત દરમિયાન, ભારત અને સાઉદી અરેબિયા વચ્ચે સંરક્ષણ અને ઉર્જા સહયોગ તેમજ પ્રાદેશિક અને વૈશ્વિક પરિદ્રશ્યને લગતા ઘણા મહત્વપૂર્ણ મુદ્દાઓ પર ચર્ચા થવાની સંભાવના છે. તેમણે કહ્યું કે સાઉદી અરેબિયામાં 27 લાખ ભારતીયો રહે છે જે ત્યાંના અર્થતંત્રમાં મોટું યોગદાન આપી રહ્યા છે.

પ્રધાનમંત્રીની આ મુલાકાત દરમિયાન, સાઉદી અરેબિયા અને ભારત વચ્ચે વ્યૂહાત્મક ભાગીદારીને વધુ મજબૂત બનાવવા માટે ઘણા મહત્વપૂર્ણ કરારો પર હસ્તાક્ષર થવાની શક્યતા છે.

. . . . . . . . . . . . . . .

# CIVIL SERVICE DAY - PM

પ્રધાનમંત્રી આવતીકાલે નવી દિલ્હીમાં 17મા સિવિલ સેવા દિવસ પર સિવિલ સેવકોને સંબોધિત કરશે. શ્રી મોદી 16 અધિકારીઓને જાહેર વહીવટમાં શ્રેષ્ઠતા માટે પ્રધાનમંત્રી પુરસ્કારો પણ એનાયત કરશે. આ પુરસ્કારો જિલ્લાઓના સર્વાંગી વિકાસ, મહત્વાકાંક્ષી બ્લોક કાર્યક્રમ અને નવીનતાની શ્રેણીઓમાં આપવામાં આવશે.

. . . . . . . . . . . . . . . .

# BHUTAN KING - ASSAM

ભૂટાનના રાજા જિગ્મેલ ખેસર નામગ્યેલ વાંગચુકે આજે જોગીઘોપામાં આંતરીક જળમાર્ગ ટર્મિનલ - IWT અને મલ્ટી મોડેલ લોજિસ્ટિક્સ પાર્ક - MMLP ની સુવિધાઓનું નિરીક્ષણ કરવા માટે આસામની મુલાકાત લીધી હતી.

વિદેશ મંત્રાલયે જણાવ્યું હતું કે IWT અને MMLP બે મુખ્ય જોડાણ પ્રોજેક્ટ છે જે વેપાર અને પ્રાદેશિક વિકાસને પ્રોત્સાહન આપવા પર કેન્દ્રિત છે. પાડોશી પ્રથમ નીતિના ભાગરૂપે, કેન્દ્ર લોકો-થી-લોકોના સંબંધોને પ્રોત્સાહન આપવા અને ભૂટાન સાથે વેપાર અને આર્થિક સહયોગને સરળ બનાવવા માટે અનેક પગલાં લઈ રહ્યું છે. મંત્રાલયે જણાવ્યું હતું કે જોગીઘોપા ખાતે આ આંતરિક જળમાર્ગ ટર્મિનલનું ઉદ્ઘાટન આ વર્ષે ફેબ્રુઆરી મહિનામાં કરવામાં આવ્યું હતું. આ ટર્મિનલ કનેક્ટિવિટીમાં વધારો કરી રહ્યું છે અને આ પ્રદેશમાં આર્થિક વિકાસ માટે એક મહત્વપૂર્ણ માળખાગત પ્રોજેક્ટ છે.

આસામના જાહેર આરોગ્ય, ઇજનેરી અને ગૃહનિર્માણ અને શહેરી બાબતોના મંત્રી જયંત મલ્લાબરૂઆને ગઈકાલે આસામમાં ભૂટાનના રાજાનું આગમન થતાં તેમનું સ્વાગત કર્યું. આસામના મુખ્યમંત્રી હિમંતા બિસ્વા સરમાએ સોશિયલ મીડિયા એક્સેસ પર ભૂટાનના રાજાનું ઉષ્માભર્યું સ્વાગત કર્યું.

. . . . . . . . . . . . . . .

# CR PATIL – DEVELOPMENT PROJECT - NAVSARI

કેન્દ્રીય જળશક્તિ મંત્રી સીઆર પાટીલે નવસારી મહાનગરપાલિકાના 32 કરોડથી વધુ વિકાસકાર્યોનું ખાતમુહૂર્ત અને લોકાર્પણ કર્યું.

આ પ્રસંગે કેન્દ્રીય મંત્રી સી.આર.પાટીલે જણાવ્યું કે “વિકાસ એ નાગરિકોની જીવનશૈલીમાં સકારાત્મક પરિવર્તન લાવવાનો પ્રયાસ છે. રાજ્ય અને કેન્દ્ર સરકારના સહકારથી નવસારી શહેરને પી.એમ મિત્ર પાર્ક પ્રોજેક્ટ મળ્યા છે જે નવસારી શહેરને વિકાસની દિશામાં સતત આગળ લઈ જશે.

કેન્દ્રીય જળશક્તિ મંત્રી શ્રી સી. આર. પાટીલે ચોમાસામાં વહી જતા પાણીનો સંગ્રહ કરવા ટકોર કરી હતી. રેઇન વોટર હાર્વેસ્ટિંગ અર્થાત્ વરસાદી પાણીના સંગ્રહ ભવિષ્યની પેઢી માટે તો પાણીની બચત જરૂરી હોવાનું તેમણે જણાવ્યું હતું.

(બાઈટ – સી આર પાટીલ)

આ પ્રસંગે કેન્દ્રીય જળ મંત્રીશ્રી સી.આર.પાટીલએ નવસારી મહાનગર પાલિકાની વેબસાસાઈટનું અનાવરણ કરીને નવસારીને ડીજીટલ ઓળખ આપી હતી તેમજ નવસારી મહાનગરપાલિકાને 'સ્વચ્છ નવસારી મહાનગર' માટે ડોર ટુ ડોર ગાર્બેજ કલેક્શન વાહનોને લીલી ઝંડી આપી મહાનગરપાલિકાને સ્વચ્છતાની ભેટ આપી હતી.

. . . . . . . . . . . . . . .

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/ગુજરાતી અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

. . . . . . . . . . . . . . .

# RAJKOT MANDAVIYA

કેન્દ્રીય શ્રમ અને રોજગાર મંત્રી ડો. મનસુખ માંડવિયાએ જણાવ્યું હતું કે રાજકોટ જિલ્લામાં બે દિવસમાં અંદાજે ૫૦ કરોડ રૂપિયાથી વધુ વિકાસકામોના શિલાન્યાસ-લોકાર્પણ થયા છે, જે દર્શાવે છે કે ઉપલેટા–ધોરાજી વિસ્તાર પ્રગતિના પંથે છે. ગુજરાત સરકારના જનપ્રતિનિધિઓ અને જાહેર સેવકો જનતાની સેવા માટે સમર્પિત છે. પ્રજાના વિશ્વાસને અકબંધ રાખવા સરકાર જવાબદારીપૂર્વક ફરજ નિભાવી રહી છે.

આ કાર્યક્રમ અગાઉ આજે સવારે તેમણે રાજકોટના ભાયાવદર ખાતે સન્ડે ઑન સાઈકલીંગ કાર્યક્રમ અંતર્ગત સાઈકલ ચલાવી. ત્યારબાદ શ્રી માંડવિયાએ સાઈકલસવારો સાથે સંવાદ કર્યો હતો.

(બાઈટ --- મનસુખ માંડવીયા)

તેમણે તંદુરસ્તી માટે સાયકલ ચલાવવા માટે સૌને અપીલ કરી હતી.. તેમણે ખાસ કરીને નવી પેઢીને વધુને વધુ સાયકલિંગ કરવા માટે અપીલ કરી હતી.

. . . . . . . . . . . . . . .

# RBI – GOVERNER

દેશના વિદેશી વિનિમય બજારમાં છેલ્લા ચાર વર્ષમાં મજબૂત વૃદ્ધિ જોવા મળી છે. 2020 માં 32 બિલિયન ડોલરથી લગભગ બમણું થઈને 2024 માં 60 બિલિયન ડોલર થયું છે.

ભારતીય રિઝર્વ બેંકના ગવર્નર સંજય મલ્હોત્રાએ બાલીમાં આયોજિત એક પરીષદમાં આ માહિતી આપી. તેમણે કહ્યું કે છેલ્લા કેટલાક વર્ષોમાં ભારતના નાણાકીય બજારો વધુ ગતિશીલ અને લવચીક બન્યા છે. દૈનિક ટર્નઓવર 2020 માં લગભગ 3 લાખ કરોડ રૂપિયાથી વધીને 2024 માં 5.40 લાખ કરોડ રૂપિયાથી વધુ થયું છે.

શ્રી મલ્હોત્રાએ જણાવ્યું હતું કે સરકારી સિક્યોરિટીઝ બજારમાં સરેરાશ દૈનિક ટર્નઓવર પણ આ જ સમયગાળા દરમિયાન 40 ટકા વધીને 66 હજાર કરોડ રૂપિયા સુધી પહોંચ્યું છે. દેશના નાણાકીય બજાર માળખાને અત્યાધુનિક ગણાવતા તેમણે કહ્યું કે તેની પારદર્શિતાનું સ્તર વિશ્વના શ્રેષ્ઠ બજારો જેટલું જ છે.

. . . . . . . . . . . . . . .

# EASTER DAY

આજે સમગ્ર વિશ્વમાં ઇસ્ટરનો તહેવાર ઉજવવામાં આવી રહ્યો છે. રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ, ઉપરાષ્ટ્રપતિ જગદીપ ધનખડ અને પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ઇસ્ટર નિમિત્તે દેશવાસીઓને શુભેચ્છા પાઠવી છે.

કેરળમાં ઈસ્ટરનો તહેવાર ખૂબ જ ઉત્સાહથી ઉજવવામાં આવી રહ્યો છે. સાંભળીએ એક અહેવાલ..........

(વોઈસ કાસ્ટ - વૈષણવી)

. . . . . . . . . . . . . . .

# SOYUZ-MS-26--ASTRONAUTS

રશિયન અવકાશયાત્રીઓ એલેક્સી ઓવચિનિન અને ઇવાન વાગનર, અમેરીકાનાં ડોનાલ્ડ પેટિટ સાથે, સાત મહિનાના વૈજ્ઞાનિક મિશન પછી આંતરરાષ્ટ્રીય અવકાશ સ્ટેશન (ISS) થી પાછા ફર્યા છે.

રશિયાના સોયુઝ MS-26 અવકાશયાનમાં સવાર થઈને આજે સવારે ત્રણેય અવકાશયાત્રીઓ કઝાકિસ્તાનમાં ઉતર્યા. અમેરિકાની નાસા અને રશિયાની રોસ્કોસ્મોસ અવકાશ એજન્સી દ્વારા ઉતરાણની પુષ્ટિ કરવામાં આવી હતી.

નાસાએ એક નિવેદનમાં જણાવ્યું હતું કે, અવકાશમાં 220 દિવસ વિતાવ્યા પછી, ક્રૂ 11 સપ્ટેમ્બર, 2024 ના રોજ ISS પ્રયોગશાળામાં પહોંચ્યું હતું. આ યાત્રા દરમિયાન તેમણે પૃથ્વીની ત્રણ હજાર પાંચસો વીસ વખત પરિક્રમા કરી.

. . . . . . . . . . . . . . . .

# IPL

આઈપીએલ ક્રિકેટમાં આજે મોહાલી ખાતે રમાયેલી મેચમાં રોયલ ચેલેન્જર બેંગલોરનો સાત વિકેટે વિજય થયો હતો.. રોયલ ચેલેન્જર્સ બેંગલોરે ટોસ જીતીને પ્રથમ બોલિંગ પસંદ કરી હતી. 20 ઓવરમાં પંજાબની ટીમ છ વિકેટે 157 રન કરી આઉટ થઈ ગઈ હતી. જેના જવાબમાં વિરાટ કોહલીના 73 અને પેડિકલના 61 રનની સહાયથી રોયલ ચેલેન્જર્સ બેંગલોરે સાત બોલ બાકી રાખીને મેચ જીતી લીધી હતી..

જ્યારે બીજી અન્ય મેચમાં મુંબઇ ખાતે ચૈન્નાઇ સુપર કિંગ્સ અને મુંબઇ ઇન્ડિયન્સ વચ્ચેની મેચમાં મુંબઇએ ટોસ જીતીને પહેલા બોલિંગ પસંદ કરી હતી..

છેલ્લા અહેવાલ મળ્યાં ત્યારે ચૈન્નાઇની ટીમે 5.2 ઓવરમાં 1 વિકેટે 45 રન કર્યા હતા.

. . . . . . . . . . . . . . .